# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૬ • અંક ૧૨ • સળંગ અંક ૭૧ • મુંબઈ • ઑક્ટોબર, ૨૦૧૨ • પાના ૧૬ • છૂટક નકલ રૂ. ૨/–

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## પ્રમુખસ્થાનેથી...

**સ્નેહી સ્વજન,**

**જય જિનેન્દ્ર !**

*ઊંચા આકાશ તણી છોડીને જ્યોતિઓ,*
*નાના તે કોડિયાં ઝગાવી જવાં;*
*વડલાની ઘેરી ઘેરી વડવાયું છોડી મારે,*
*તરણાનાં તેજને જગાવી જવાં.*

જીવનનો પ્રવાહ નદીની જેમ વહે છે અને એમાં ક્યાંક ધોધની પછડાટ. ક્યાંક વમળનો ચકરાવો, ક્યાંક અચાનક વળાંકો આવે છે. એવી જ રીતે જીવનના પ્રવાહમાં બને છે, તો ધોધની પછડાટથી ગભરાવું નહીં, વમળના ચકરાવામાં ફસાવું નહીં અને અચાનક વળાંકથી અટકી જવું નહીં; એ સાચા તરવૈયાની કુશળતા છે. વર્તમાનને સ્વીકારો, ભવિષ્યને આવકારો, ભૂતકાળને ભૂલી જાઓ અને સદાય વહેતા રહો તો અને તો જ જીવનનો ધર્મ અને મર્મ પામી શકાશે. મહા અજ્ઞાતના પ્રવાહમાં એક નાનકડા, થરથરતા દીવા જેવું આપણું જીવન વહી રહ્યું છે. આગળ અંધકાર છે, પાછળ અંધકાર છે, માત્ર આપણી જરા સરખી જગ્યામાં જ પ્રકાશ છે. પણ તેથી ભય પામવાની જરૂર નથી. એ પ્રકાશ જ્યાંથી શરૂ થાય છે ત્યાં અંધકારને પ્રવેશ નથી. પ્રવાહના મૂળને જે પામે છે તેને કેવળ પ્રકાશમય અને આનંદમય એવા પ્રવાહના મુખનો પણ પરિચય થાય છે.

**ફ્રી મેડીકલ કેમ્પ :**

**શ્રી પાટણ જૈન મંડળ સેમીનાર્સ અને ઈન્ફોર્મેશન સમિતિ તથા આર જી સ્ટોન યુરોલોજી અને લેપ્રોસ્કોપી હૉસ્પિટલ દ્વારા આયોજીત ફ્રી મેડીકલ કેમ્પ** અંતર્ગત સમાજની ૧૫૦ વ્યક્તિઓના નામો નોંધાયા છે. જેમાંથી ઑક્ટોબર માસની ૧૫ તારીખ સુધી નંધાયેલ ૮૦ વ્યક્તિઓમાંથી ૭૦ વ્યક્તિઓની તપાસ સંતોષપૂર્વક થઈ ચૂકી છે. ઉક્ત ફ્રી કેમ્પના આયોજન બદલ સેમિનાર્સ અને ઈન્ફોર્મેશન સમિતિના મંત્રીઓ, સભ્યો ને હાર્દિક અભિનંદન પાઠવું છું તથા ગોરેગામના ડૉ. **આશુલ જ્યોતીન્દ્ર શેઠ** અને તેમના સહકાર્યકરોનો સંસ્થા વતી આભાર માનું છું. સમાજના વધુ ને વધુ સભ્યો આ કેમ્પનો લાભ લે તેવી મારી સૌને નમ્ર વિનંતિ છે.

**શૈક્ષણિક પુરસ્કારો :**

રવિવાર તા. ૭-૧૦-૨૦૧૨ના સંસ્થાના સભાગૃહ ખાતે વિવિધ કક્ષામાં ઉચ્ચ ગુણાંક સાથે ઉત્તિર્ણ થયેલ તેજસ્વી પ્રતિભાઓને પુરસ્કાર તથા સન્માન પત્ર એનાયત કરી અભિવાદન કરવામાં આવ્યું. સમારંભના **મુખ્ય અતિથિ ડૉ. ગ્રોવેલ સોલ્યુશનના શ્રી રાજેશભાઈ જૈન (IIT. Delhi)** બિરાજમાન હતા. પુરસ્કૃત વિદ્યાર્થીઓના તથા તેમના વાલીઓનો મુખ પર અનન્ય સંતોષની આભા અંકિત થયેલ નજરે પડતી હતી. પરફોર્મિંગ આર્ટના ક્ષેત્રે ઉચ્ચત્તમ ગુણાંક પ્રાપ્ત કરનાર કલાકારોને તથા વર્ષ દરમ્યાન પાટણ પ્રતિબિંબમાં પ્રકાશિત થયેલી કૃતિઓમાંથી પસંદગી પામેલ શ્રેષ્ઠ કૃતિઓના કર્તાઓનું **શ્રી નેમચંદ જેશીંગલાલ (ગુંદરવાલા) સાહિત્ય પારિતોષિક** એનાયત કરી બિરદાવવામાં આવ્યા હતા. સર્વે પારિતોષિક વિજેતાઓને અભિનંદન આપી પુરસ્કારના દાતાઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરૂં છું.

**જીવન સૌરભ :**

જીવન સૌરભ એટલે સમીસાંજનો સંગાથ. માનવીમાં રહેલ આત્મ વિશ્વાસને જગાડવા પ્રવૃત્તિઓ તેને દૃષ્ટિ અને સૃષ્ટિ બન્ને આપે છે. આંતરિક શક્તિ દ્વારા જ કુદરતની લિપિ ઊકેલવાના પ્રયત્નો થકી

## નૂતન વર્ષને ઊગમતે પ્રભાતે...

નૂતન વર્ષને ઊગમતે પ્રભાતે સૂરજના સોનેરી કિરણોની જેમ સૌનું જીવન ઝળહળા અને ગૌરવવંતુ બને, સંકલ્પ સિદ્ધિને વરે એ જ અભ્યર્થના. શ્રદ્ધા અને સંસ્કૃતિરૂપે પ્રગટાવાતા દીપાવલીના દીવડાઓ હૈયે આનંદ, ઉત્સાહ અને ઉમંગની અનેરી જ્યોત જગાવે. હકારાત્મક નૂતન અભિગમ દ્વારા જ્યોતિકળશ છલકે અને રિદ્ધિસિદ્ધિ મલકે.

**□ શ્રી પાટણ જૈન મંડળ**

આત્મશ્રદ્ધાની અનેરી ગરિમા ઊભરી આવે છે જે સદૈવ સતત ખીલતા ગુલમહોર જેવી હોય છે. સંકલ્પ શક્તિ વાળો માનવી વનમાં વૃંદાવન રચે છે અને બાવળનું ગુલછડીમાં રૂપાંતર કરે છે. જાત અને જગતને જોવાની અનન્ય કોઠાસૂઝ જ તે કેળવે છે.

જીવન સંધ્યાએ ઊભેલ વ્યક્તિએ શ્રદ્ધા, વિશ્વાસ અને ભરોસા વડે ચિંતાઓને ફગાવી અને ફંગોળવી જોઈએ. આથમતો સૂર્ય પણ પોતાના લાલ રંગની લાલિમા ગુમાવતો નથી. ઉદય અને અસ્ત વખતે તેના રંગો તો એક જ હોય છે. તે જ પ્રમાણે જિંદગીની લીલી સૂકી જોઈ અને સહી ચૂકેલ માનવી પાસે સમુદ્રની ગહનતા અને આકાશની સદ્ધરતા હોય છે જે કોઈપણ વિપરીત પરિસ્થિતિમાં અવિચલ પહાડની જેમ ટકી શકે છે.

આ જ અંકમાં અન્યત્ર **જીવન સૌરભ સ્નેહમિલન નિધિ** વિશેની એક વિચારધારા રજુ કરી રહ્યા છીએ. આપ પણ આપના વિચારો વિના સંકોચે દર્શાવી શકો છો. આખરે તો સમાજ અને સંસ્થા બન્ને આપણા જ છે અને સૌ સંસ્થા માટે જ કાર્ય કરી રહ્યા છીએ તે ન ભુલવું જોઈએ.

**વસતી પત્રક :**

પાટણ જૈન સમાજના સઘળા પરિવારોની વિસ્તૃત માહિતી સભર વસતી પત્રક તૈયાર થઈ રહ્યું છે. સંસ્થાનું શતાબ્દી વર્ષ હોવાથી આ વસતી પત્રકનું મહત્ત્વ સવિશેષ છે. આ આકર્ષક સર્વાંગ સુંદર અને માહિતિ સભર વસતી પત્રક શતાબ્દી વર્ષની અણમોલ ભેટ બની રહેશે. આ શતાબ્દી ઉજવણી માટે પ્રથમ વખત જ ખર્ચને પહોંચી વળવા જાહેર ખબર લેવાનું વિચાર્યું છે.

મારી આપ સૌને નમ્ર વિનંતિ છે કે સંસ્થા પ્રત્યેની ફરજ સમજી જાહેર ખબર દ્વારા યથા યોગ્ય સાથ અને સહકાર આપશો.

**સ્નેહ સંમેલન :**

**શ્રી પાટણ જૈન મંડળ, પ્રોગ્રામ સમિતિ તથા શ્રી મણીલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ)**ના સંયુક્ત ઉપક્રમે શનિવાર તા. ૧૭ નવેમ્બર ૨૦૧૨ના રોજ યોજાયેલી નૂતન વર્ષ સ્નેહ સંમેલનમાં સાંજે ૫-૦૦ થી ૮-૦૦ કલાક દરમ્યાન **શ્રી નિકેતન વાટિકા ગાર્ડન, શ્રી પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦ ૦૦૨** મધ્યે સમય સર પધારી ગમતાના ગુલાલ કરવા સંસ્થા વતી આપ સૌ મિત્રો તથા પરિવારોને હાર્દિક નિમંત્રણ પાઠવું છું. ચાલો ત્યારે એકમેક હળીએ, મળીએ અને દીપકથી દીપક પ્રજ્વલિત કરીએ અને ઉરના ઊંડાણમાં ઊમડતી ઉષ્ણતા સાથે અલક મલકની ઝલક માણીએ!

**નૂતન વર્ષાભિનંદન :**

રૂમઝુમ કરતી દિવાળી ચોમેર દિપકનો પ્રકાશ રેલાવી રહી છે. બદલાતા સમય, સમિકરણો, અગવડો અને અવરોધોના પારાવાર ભયસ્થાનો સામે ન ગભરાતા પ્રેરણાદાયક અને ઉત્કૃષ્ટ દિશાદર્શક જીવન જીવવાની સંકલ્પ સિદ્ધિ કરવી આવશ્યક છે જેથી આપણી ગતિ પ્રગતિ તરફ વળે અને સમજણની દીપ્તિ અંતરના અજવાળાને ઝળહળા રાખે. અવતરણ અને નિર્વાણ વચ્ચેના પ્રવાસપથને પતનપથ ન બને તે માટે અવિરત જાગૃત રહી કર્તવ્યના ધર્મ અને મર્મ સાથે સંસાર, સમાજ કે જગતના તાત્ત્વિક મૂલ્યોને પારખી, પોષી હકારાત્મક જીવનશૈલી વિકસાવવી જોઈએ.

પુષ્પની સુવાસ કે પંખીના ટહુકામાં આપણા સૌના અંતર આત્માનો રણકાર અને ભણકાર છે. યાદ રહે કે જિંદગીના પ્રત્યેક તબક્કે, પ્રત્યેક વળાંકે દરેક ખરતાં પાનની ઓથે ઊભેલી કુમળી કુંપળ આશાના ઓવારણા સાથે તમારી રાહ જુએ છે. પ્રભાતના સોનેરી કિરણો જીવનની નવી દિશા દર્શાવવા આપને આવકારી રહી છે.

रात जीतनी भी संगीन होगी, सुबह इतनी ही रंगीन होगी।

अब उखडने को है गम का डेरा, किसके रोके रुका है सवेरा।

તો સહર્ષ આવકારું છું મિત્રો આપ સૌને વીર સંવત ૨૫૩૯ તથા વિક્રમ સંવત ૨૦૬૯ તા. ૧૪-૧૧-૨૦૧૨, અનેક શુભેચ્છાઓ સાથે નૂતન વર્ષના સાલ મુબારક!

આભાર.

**❑ પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**

**કાર્યક્રમોની ઈન્ફોર્મેશન (પિકચર્સ એન્ડ વીડીયોઝ)**

મહોલ્લાઓના ઉત્સવો, કાર્યક્રમો, પ્રોગ્રામો વિ.ના ફોટાઓ, તેમજ તેમને લગતા સાહિત્યો વિ. ની માહિતી ચાર કલરમાં નવી વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાનું આયોજન છે. તો આવી સઘળી માહિતી સંસ્થાના કાર્યાલયમાં મોકલાવી આપવા વિનંતી. આ જ માહિતીનો ઉપયોગ કલર સોફ્ટ કોપી ઓફ પ્રતિબિંબમાં પણ થઈ શકશે.

Email : patanmandal@gmail.com

## શ્રી પાટણ જૈન મંડળ

**પ્રોગ્રામ સમિતિ આયોજિત**

**શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા પ્રેરિત**

## છવ્વીસમો સમૂહલગ્ન સમારોહ

**શ્રી પાટણ જૈન મંડળ** દ્વારા સમાજના તમામ સ્તરના કુટુંબો માટે છવ્વીસમા સમૂહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે.

**દિનાંક :** સંવત-૨૦૬૯, પોષ વદ-૬

શનિવાર તા. ૦૨-૦૨-૨૦૧૩. **સમય :** સાંજના

સમૂહ લગ્નમાં જોડાવવા અંગેના ફોર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી લેવા.

**ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૦-૧૧-૨૦૧૨ છે.**

**વધુ માહિતી માટે સંપર્ક :**

**શ્રી પાટણ જૈન મંડળ કાર્યાલય-૨૨૮૧૧૩૪૬**

## તંત્રીસ્થાનેથી...

પર્યુષણ મહાપર્વની પૂર્ણાહૂતિ રંગેચંગે થઈ. યથાશક્તિ આરાધના વ્યાખ્યાન, તપ, જપ તથા સ્વાધ્યાય પણ આપણે સૌએ કર્યા, નવરાત્રી પણ આવી અને દિવાળીનો રણકાર અને ઝણકાર છોડી ગઈ. યુવા હૈયા મન મૂકીને વરસ્યા. ઢોલૈયાના ઢોલ ઢમ ઢમ ઢબુક્યા અને રંગબેરંગી વેશભૂષાએ સૌના મન મોહી લીધા. સંગીતના સૂરે અને ગાયકોની ગાયકી અને સ્વરે યુવાનોને ખૂબ નચાવ્યા.

આસુરી શક્તિ પર દેવી શક્તિના વિજયનું પ્રતિક એટલે નવરાત્રી મહોત્સવ. શક્તિની અધિષ્ઠાત્રી શ્રી દુર્ગાદેવીના નવ સ્વરૂપોની નવ પ્રકારે નવધા ભક્તિનો સમૂહ તે નવરાત્રી. નવ દિવસ શક્તિની ઉપાસના શક્તિનો સંગ્રહ કરવાનો અવસર. અસત્ય સામે સત્યનો વિજય થયો તે નવરાત્રીનો છેલ્લો દિવસ એટલે દશેરા (વિજયાદશમી).

જૈન શાસનમાં આ નવરાત્રીમાં જ આસો સુદ સાતમથી આસો સુદ પૂનમ સુધી આવે છે શાશ્વતી નવપદની આયંબિલની ઓળી. જૈનો ભલે કોઈ પણ ફિરકાઓના હોય તો પણ પ્રભુના વચનો, ઉપદેશ અને શાસન ઉપર હૃદયમાં આદર, બહુમાન, ભક્તિભાવ અને શ્રદ્ધા રાખે છે. તેથી જ પોતાના આત્મકલ્યાણ માટે તપ, જપ ને આરાધનામાં રહે છે.

આ નવપદમાં બિરાજમાન છે પંચ પરમેષ્ઠી ભગવાન, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, દેવ, ગુરૂ અને ધર્મનો સમાવેશ જે ત્રિરત્ન સમાન છે. હૃદયના ભાવથી થયેલી નવપદની ઓળી પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા અને ધર્મ પ્રત્યેની ખુમારી જ મોક્ષ સુધી જ લઈ જાય છે.

નવરાત્રિ પછીના ગણતરીના દિવસોમાં જ દિવાળી પર્વના દિવસો શરૂ થઈ જાય છે. વાઘબારસ, ધનતેરસ, કાળી ચૌદસ અને દિવાળી..

આસો વદી અમાસના દિવસે ભગવાન મહાવીર સ્વામી પાવાપુરી નગરીમાં નિર્વાણ પામ્યા. ઘેર ઘેર દિવડા પ્રગટ્યા. આનું નામ દીપાવલી..

ગૌતમ ગણધરને પ્રભુના નિર્વાણના સમાચાર મળ્યા. તેમનું હૃદય પ્રભુની વિરહ વેદનાથી દ્રવિત થઈ ગયું. તેઓ સમતા ભાવમાં સ્થિર થઈ ગયા ને શુક્લ ધ્યાનમાં ડૂબી ગયા. ચાર ઘાતી કર્મોનો નાશ થયો. કારતક સુદ એકમની વહેલી પ્રભાતે ગૌતમ ગણધર કેવળજ્ઞાની બની ગયા.

શ્રી મહાવીર પ્રભુના નિર્વાણ કલ્યાણકથી શરૂ થયેલું શ્રી દીપાવલી મહાપર્વ તથા અનંતલબ્ધિ નિધાન ગુરૂ ગૌતમસ્વામીજીના કેવળજ્ઞાનના દિવ્ય તેજનાં કિરણોથી પ્રકાશિત આ નૂતન વર્ષ આપણને સૌને તમામ પ્રકારની સુખ-શાંતિ, સમૃદ્ધિ અને અભ્યંતર અને બાહ્ય પ્રગતિને પ્રદાન કરી આત્મકલ્યાણ કરનારું બની રહે એ જ નવા વર્ષનો નવો સંદેશ. નૂતન વર્ષમાં પ્રભુના પાવન ચરણે મનને સમર્પિત કરીએ. આપણે ક્રોધ, લોભ, ઈર્ષા, માન, કષાય, માયા આદિ દુર્ગુણોનો ત્યાગ કરી સેવા, પરોપકાર, પ્રેમ, ક્ષમા, દયા, સંતોષ આદિ સદ્‌ગુણોની સુવાસથી જીવનને મઘમઘતું બનાવીએ. આ જગતના સર્વે જીવો મારા મિત્ર છે એવી જીવનદૃષ્ટિ અને પ્રવૃત્તિને જીવનમાં અપનાવીએ, દિપોત્સવમાં વિલિન કરીએ વર્ષભરનાં અંધકાર, નૂતન વર્ષના મંગળ પ્રભાતે અજવાળીએ સંકલ્પોનો ઉજાસ, એ જ હશે નવા વર્ષના આદર અને સત્કાર.

**□ સંપાદક સમિતિ**

### SAMAJ VIKAS FUND SAHAYAK DATA

- Shri J. K. Shah, Bhabhano Pado
- Shri Pradipbhai Laxmichand Zaveri, Kobe-Japan
- Shri Kanchanlal Vadilal Shah, Manmohanjini Sheri
- Shri Navinchandra Chimanlal Maniyar, Chodhrini Sheri
- Shri Rameshbhai Sanalal Shah, Mallatno Pado
- Late Smt. Nirmlaben Chandrakant Shah, Polni Sheri
- Shri Vardhmanbhai Nagindas Shah, Kesushethno Pado
- Late Dr. Jayantilal Manilal Patni, Manmohanjini Sheri
- Shri Bhagwandas Poonamchand Shah,
  By: Manishbhai Bhagwandas Shah (Madras), Kanasano Pado
- Shri Vinodbhai Hiralal Shah (Ladiwala), Kanasano Pado
- Smt. Vimlaben Bhogilal Shah (Jafujiwala), Tamboli Vado
- Shri Jitendrabhai Manilal Shah, Bhabhano Pado
- Late Shri Pratapchand Bhaichand Salvi, Salviwado
- Smt. Virmatiben Pratapchand Salvi, Salviwado
- Smt. SushilabenVarjivandas Shah, Khajurino Pado
- Shri Anilbhai Mahasukhlal Shah, Kokano Pado


# PATAN CO-OP. BANK LTD.

Rasik Nivas, 75, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400 020. Tele. 22817444 / 22815290

E-mail : patanbank@yahoo.co.in ● Telefax : 22816513

**❈ Profit (Audited) Rs. 173.49 lacs (as on 31/03/2012)**

WE OFFER

- ❈ Rate of Interest on c/c facility from 13% p.a. to 14.50% based on credit rating.
- ❈ Gold Loan-12.00% p.a.
- ❈ View facility for a/c transcations on web site.
- ❈ SMS-banking facility in due course
- ❈ Personalised cheque books
- ❈ L/c-Discounting
- ❈ Loans for all needs/purposes
- ❈ Proposed dividend 12%
- ❈ Net-NPA - `Zero'
- ❈ No TDS on members deposits
- ❈ Life / Non life insurance business on referral basis in due course
- ❈ Opening 3rd branch at Nagdevi very soon...
- ❈ Sub-membership for RTGS & NEFT-shortly.

**IF YOU ARE A PROFESSIONAL PLEASE LET US HAVE YOUR EMAIL ID IMMEDIATELY** (ADVT)


**સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનું ગૌરવશાળી શતાબ્દી વર્ષ**

# અભિનંદનના અધિકારી

**શ્રી ભાવેશ મહેન્દ્રભાઈ શાહ** (**સ્વ. શ્રી ચુનીલાલ રાયચંદ**ના પૌત્ર) વખતજીની શેરી, ફોફળિયા વાડાનાં ઑગસ્ટ ૨૦૧૨માં Arch.માં IIT, Roorkee ઉત્તરાખંડમાં Ph.D.ની પદવી મેળવી છે. તેઓ તેમનાં પત્ની **શ્રીમતી પ્રીતિબહેન ભાવેશભાઈ શાહ** (Dip. Arch.) સાથે અમદાવાદમાં Arch. ના સ્ત્રોતમાં કાર્યરત છે. તેમના દાદા **સ્વ. ચુનીલાલ રાયચંદ શાહે** સંસ્થામાં બહુમૂલ્ય સેવા આપી છે.

**શ્રી ભાવેશભાઈની** કેળવણી યાત્રા ખરેખર અદ્ભૂત છે. કેળવણીને આ પરિવારે કર્મ અને ધર્મ તરીકે અપનાવી ઉત્કૃષ્ટ સાધના આદરી છે.

- જુન ૧૯૮૪-૮૫ માં જે. જે. સ્કૂલ ઑફ એપ્લાઈડ આર્ટ્સ, મુંબઈમાંથી ઈન્ટિરિયર ડિઝાઈન (ડિપ્લોમા) અને ડેકોરેશન સર્ટિફિકેટ કૉર્ષ.
- ફેબ્રુઆરી ૧૯૮૭ નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઑફ કન્સ્ટ્રક્શન મેનેજમેન્ટ અને રીસર્ચ સર્ટિફિકેટ કૉર્ષ.
- ઈન્સ્ટીટ્યૂટ ઑફ ઍન્વાયરમેન્ટલ ડિઝાઈન, વલ્લભ વિદ્યાનગર-ગુજરાત જુન-૧૯૯૩માં ડિપ્લોમા ઈન આર્કિટેક્ચર.
- માસ્ટર ઑફ ડિઝાઈન (મેજર વિઝ્યુઅલ કૉમ્યુનિકેશન)-I.I.T. મુંબઈ-૧૯૯૫.
- માસ્ટર ઑફ આર્કિટેક્ચર યુનિવર્સિટી ઑફ કેલિર્ફોનિયા, લૉસ એન્જેલીસ, કેલિર્ફોનિયા U.S.A. (મેજરઃ ડિઝાઈન તથા કૉમ્પ્યુટેશન).

આ ઉપરાંત ૧૯૯૨ થી ૨૦૧૨ સુધી તેમના રીસર્ચ પેપર્સ તથા બેઝીક એલીમેન્ટ ઑફ ડિઝાઈનમાં પણ લેખ (ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ જનરલ)માં પણ પ્રકાશિત થયેલ છે. **શ્રી ભાવેશભાઈ**ના ફોટો નિબંધ પણ પ્રસિદ્ધ થયેલ છે.

પાટણના આ તેજસ્વી દંપતી અમદાવાદ ખાતે કાર્યરત છે. વધુ ને વધુ પ્રગતિના સોપાન તેઓ સર કરે તેવી શ્રી પાટણ જૈન મંડળ હાર્દિક શુભેચ્છા પાઠવે છે. અભિરૂચિએ પોષેલી તેમની અભ્યાસયાત્રાની સફળતા સમાજ તેમજ સંસ્થાને સહાયભૂત નીવડે એ જ શુભેચ્છા.

Kids Power

## Kids Power Activity
## Empowering Kids

**Pilot Project to Start at Ratan Nagar (Borivali)**

આર્ટ ક્રાફ્ટ, યોગા કલાસીસ, ડાન્સીંગ કલાસીસ, એજ્યુકેશનલ ફીલ્ડ ટ્રીપ્સ, ચાઈલ્ડ કાઉન્સીલીંગ વિગેરે ચાલુ કરવાનું આયોજન છે. તેનો પાયલોટ પ્રોજેકટ રતનનગર (બોરીવલી) ખાતે જાન્યુઆરી-૧૩ થી શરૂ કરવામાં આવશે. આપણા સમાજના બાળકોને વધુ ટેલેન્ટેડ બનાવવા જરૂરી પ્રવૃત્તિઓ પણ તેમાં સાંકળી લેવામાં આવશે. આ માટે ચાર વર્ષથી આઠ વર્ષ અને નવ વર્ષથી બાર વર્ષ એમ બે ગ્રુપ પાડવામાં આવ્યા છે. આ કાર્યક્રમને સફળતા મળે તો મરીન ડ્રાઈવ, ગોરેગામ, વિલેપાર્લે વિ. સ્થળોએ સેન્ટરો જુન-૨૦૧૩ થી શરૂ કરવામાં આવશે. જે માટે એરિયાવાઈસ વોલીન્ટીયર્સની જરૂરત રહેશે તો ઈચ્છુકોએ નીચેના મોબાઈલ નંબર પર સંપર્ક કરવા વિનંતી.

| | |
|---|---|
| શ્રી દિપકભાઈ કે. શાહ | ૯૯૬૯૫ ૦૦૪૬૫ |
| શ્રીમતી હીનાબેન સી. શાહ | ૯૮૨૦૮ ૨૫૧૩૯ |

સંસ્થાના પ્રમુખ શ્રી દિનેશભાઈની પ્રેરણા તથા આપણા સમાજના, શિક્ષણ સાથે જોડાયેલ વોલીન્ટીયર્સોના સાથ સહકારથી આ પ્રોજેકટને વધુ સફળતા મળે અને બાળકો નાનપણથી વધુ ટેલેન્ટેડ બને એજ આ પ્રવૃત્તિનો મુખ્ય ઉદ્દેશ છે. આ સિવાય પણ અન્ય પ્રવૃત્તિ ચાલુ કરવાનું આયોજન છે. જે માટે બાળ શિક્ષણ સાથે જોડાયેલા શિક્ષકો અથવા શિક્ષિકાબેનની જરૂરત છે. તમારી ટેલેન્ટ સાથે ઉપર મુજબના કમિટી મેમ્બરનો સંપર્ક કરવા વિનંતી.

સમાજના કોઈ વ્યકિત પાસે આ પ્રવૃત્તિને અનુરૂપ જગ્યા હોય તો કમિટી મેમ્બરોનો સંપર્ક કરવા વિનંતી.

**□ઈન્ફોર્મેશન એન્ડ સેમીનાર સમિતિ**

CARAT JEWELLERY BRINGS
The Johri™
Made by god, Improved by Men, PERFECTED by us
On 27th Saturday & 28th Sunday October, 2012
Time: 10:00 am to 08: 00 pm
INTERCONTINENTAL, 135 Marine Drive, Mumbai – 400020.
For further details contact Amar Shah On +919004777012.
ADVT

## મરીનડ્રાઈવ જૈન સંઘમાં
## પર્વાધિરાજ પર્યુષણાનો અભૂતપૂર્વ માહોલ

પર્વાધિરાજ પર્યુષણને પામીને પ્રત્યેક સંઘમાં ધર્મોલ્લાસનું વાાતવરણ સર્જાય જ છે. પણ મરીનડ્રાઈવ પાટણવાલા જૈન આરાધક ટ્રસ્ટના આંગણે તો વર્ષોના ઈતિહાસમાં સૌ પ્રથમવાર જ અભૂતપૂર્વ માહોલ થવા પામ્યો છે.

સંઘના ઉપકારી પ. પૂ. શાસન પ્રભાવક **આ. ભ. સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.** તથા પ. પૂ. તેજસ્વી વધતા **આ. ભ. રાજરત્નસૂરીશ્વરજી મ.સા.**ના આશીર્વાદથી ચાતુર્માસાર્થે પધારેલ **પ. પૂ. મુનિરાજ શ્રી રશ્મિરત્ન વિજયજી મ.** તથા **પૂ. મુનિરાજ શ્રી હિતરત્ન વિજયજી મ.સા.**ની પ્રેરણા-નિશ્રાથી પંચ રવિવારીય યુવા શિબિરો, જૈનીઝમના તત્ત્વોનું મોડલ એક્ઝિબિશન, પ્રભુ 'વીર'નાં હાલરડાંનો રંગારંગ કાર્યક્રમ, 'કૌન બનેગા સમ્યક્જ્ઞાની' (K.B.S.) નો આધુનિક છતાં ધાર્મિક રસપ્રદ પ્રોગ્રામ, 'શત્રુંજય સત્કાર'નાં અદ્‌ભુત અનુષ્ઠાનોની હારમાળાથી પર્યુષણા પૂર્વેના ચાતુર્માસ શણગાર થયા.

પર્વાધિરાજનો પ્રારંભ થતાં જ આખો `F' રોડ, ૨૩ બિલ્ડિંગોનો અનેક વિરાટકદના રોશમીમય ગેટો, આકર્ષક કમાનો ને અનેક હારમાળાઓથી રંગીન નજારો ખડો થયો પ્રતિદિન પરમાત્માના જિનાલયનો શણગાર, ભવ્ય આંગી થતાં દર્શનાર્થીની ભીડ જામતી. અને પાટણ મંડળના ત્રણેય બિલ્ડિંગોમાં વાર્ષિક તથા પર્યુષણાના કુલ ૧૭ કર્તવ્યોનું ફ્લોરદીઠ ભાવિકો દ્વારા જ મોડલ ડૅકોરેશન થતાં મીરા રોડ, બોરીવલી, અંધેરીથી દર્શનાર્થે રાતના ૧૧ વાગ્યા સુધી ભાવિકોની ભીડ થવા પામી હતી. સાધર્મિકો માટેનું એક જ દિવસમાં લાખો રૂ.નું ફંડ સ્વપ્ન-પારણાંની રેકોર્ડબ્રેક ઉપજ થતાં સંઘમાં આશ્ચર્યનું મોજું ફરી વળ્યું. હવે પછી આગામી કાર્યક્રમમાં ૧૧ દિવસીય ભવ્ય મહોત્સવ, ઇતિહાસના પાત્રોની ઝાંખી કરાવતો સ્ટેજ પ્રોગ્રામ, પાઠશાળાનો ભવ્ય મેળાવડો, ૧૦૮ પાર્શ્વનાથનું ભવ્ય પૂજન વિગેરે થશે.

✶ ✶ ✶

## વિકલ્પ ક્યાં !

*કર્મ સાથે મળે ભલે આંસુની સોગાદ કોઈવાર,*
*સિંચીયે સ્વાર્પણ-સમર્પણનો અનેરો ધબકાર,*
*સ્નેહના પારસમણિની છે, ગરિમા અપરંપાર,*
*દિપક જ્યોત પ્રગટાવીએ, કરીએ દૂર અંધકાર!*

*હૈયે સૌના ભરી દઈએ, ઘેરો મેઘધનુષી પ્યાર,*
*એકમેક સાથે રહી, સજીએ જીવન શણગાર,*
*આજે તું વરસ મેહુલા, અનરાધાર બેસુમાર,*
*થાય એકાકાર ને પીગળી જાય, સૌની અશ્રુધાર!*

*ઈશ્વર તો બેઠો છે, આપવા અઢળક ને અપાર,*
*ચમચી લઈ આપણે ઉભા છે, કરવા ભાગાકાર,*
*મૃત્યુ પછી વિકલ્પ ક્યાં, સંગાથે સમૃદ્ધિ ઘરબાર,*
*કાં આપીને જાવ, કાં છોડીને જાવ, તમે ભવપાર!*

☐ **મ. ને.**


**MATRIMONIAL**
**NAME : Miss. JINAL SUNIL SHAH**
Mother-Father : Damini-Sunil Chandulal Shah
Birth Date : 11-11-1983, Time : 14-20, Height : 5'-1"
Education : M.Com., Diploma in Graphics & Animation
Job : Graphic Designer / Maholo : Vakhatjini Sheri
Add.: A-7, Ratan Nagar, Borivali (E.), Mumbai-400068.
Tel. : 28951831, Mob. : 98922 55959.
Email : Jinal.sshahll@gmail.com
Advt

સ્વાગતમ્... **વિરલ અમિત શાહની પેઢી** સ્વાગતમ્...
અધરં મધુરં વદનં મધુરં.... નયનં મધુરં હસિતં મધુરં

પ્રભુના નયન મધુર છે. પ્રભુનું મુખ મધુર છે. કુદરતે બનાવેલી સૃષ્ટિ પણ મધુર છે. દરેક મનુષ્યની અંદર એક કલા જગત પડેલું હોય છે. સુંદર નકશીકામ અને અને કલાત્મક વસ્તુઓ જોવી આપણને જરૂર ગમે છે. મનુષ્ય માત્ર કલાનો પૂજારી હોય છે. આપના માટે આપના મનને ગમી જાય તેવી નકશીકામથી યુકત અનેક પ્રકારની ચાંદીની તથા પિત્તળની કલાત્મક વસ્તુઓ જેવીકે ગૃહસુશોભનની વસ્તુઓ, ઘરની દિવાલને સુશોભિત કરનારી વસ્તુઓ, કલાત્મક નકશીકામ યુકતપાત્રો, મૂર્તિઓ, પ્રાચીન, અતિ-પ્રાચીન તથા વર્તમાન સમયની શ્રેષ્ઠ નકશીકામ કરેલી સુંદર વસ્તુઓ અમે આપના માટે તૈયાર કરીએ છીએ. આપ કલાના ચાહક બની કલાજગતને નીહાળવા જરૂર પધારશોજી. આપના આગમનથી અમારા મનને વધુ આનંદ થશે.

૧,૨,૩, મહાલક્ષ્મી મ્યુનિસીપલ શોપીંગ સેન્ટર, કોસાંબી ફ્લેટ સામે, સ્ટેટ બેંકની ગલીમાં, પરિમલ ક્રોસીંગ-મહાલક્ષ્મી ચાર રસ્તા રોડ, પાલડી. અમદાવાદ-૭. ફોન : ૨૬૬૫ ૧૧૪૪ / ૧૬૩૩ / ૧૧૬૬
E-mail : info@vasnphandicraft.com, URL : www.vasnphandicraft.com
Advt

## શ્રી પાટણ જૈન મંડળ અને શ્રી ભોગીલાલ લહેરચંદ જૈન એકેડેમી ઍજ્યુકેશન રીસર્ચ સેન્ટર, પાટણ

પાટણ પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાત રાજ્યની સાંસ્કૃતિક રાજધાની તરીકે સુવિખ્યાત રહેલ છે. આ સમય દરમ્યાન સાહિત્ય, ધર્મ, દર્શન, શિલ્પ સ્થાપત્ય કલા વગેરે ક્ષેત્રે પાટણે ઉત્કૃષ્ટ પ્રગતિ કરી હતી. આજે એ જ પાટણમાં ગુર્જર રત્ન કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્ર મ. સા. કે જેમણે જગતને સમૃદ્ધ જ્ઞાનવારસો આપ્યો છે તેમનું નામ જે યુનિવર્સિટી સાથે જોડાયું છે, તે યુનિવર્સિટીમાં દાતા **શ્રી પાટણ જૈન મંડળ અને શ્રી ભોગીલાલ લહેરચંદ**ના સહયોગથી બનેલ ભવનમાં **જૈન એકેડેમી ઍજ્યુકેશનલ રીસર્ચ સેન્ટર** કાર્યાન્વિત થઈ રહ્યું છે.

જૈન ધર્મ એક પ્રાચીન ધર્મ છે. આ ધર્મના મુનિઓનું વિશ્વના તત્ત્વાર્થદર્શનમાં તો આગવું પ્રદાન છે જ, પરંતુ સાથે સાથે સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય, કલા ક્ષેત્રે પણ મહત્ત્વનું પ્રદાન છે. જૈન મુનિઓ દ્વારા આ ક્ષેત્રમાં થયેલ પ્રદાનને સારી રીતે સમજવા અને તેના દ્વારા જીવનને સમૃદ્ધ બનાવવા અનેક લોકો પ્રયત્નશીલ છે. આવા જૈન અને જૈનેતર અભ્યાસુઓને જોઈતી સામગ્રી અને સુવિધાઓ માટે જ આ જૈન એકેડેમી ઍજ્યુકેશનલ રીસર્ચ સેન્ટર કાર્ય કરે છે.

હાલ આ સેન્ટરમાં જૈનોલોજીમાં સર્ટિફિકેટ કોર્સની શરૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત જૈન ધર્મની પ્રાકૃત, સંસ્કૃત અને અન્ય ભાષાઓમાં સુરક્ષિત રહેલી જ્ઞાન સમૃદ્ધિ સમાન હસ્તપ્રતો તથા જૈન સાહિત્યના અધ્યયન અને સંશોધનનું આયોજન પણ કરવામાં આવનાર છે.

**સર્ટીફિકેટ -કૉર્સમાં પ્રવેશ માટેના ધોરણો :**

પ્રવેશપાત્રતા : ધોરણ-૧૨ પાસ

સમય : છ મહિના ● કોર્સ ફી : ૭૫૦ રૂા.

ભાષાનું માધ્યમ : ગુજરાતી, હિન્દી, અંગ્રેજી

પ્રત્યેક અભ્યાસક્રમમાં ત્રણ કૉર્સ રહેશે. દરેક પેપર (કૉર્સ) ૧૦૦ માર્ક્સનો રહેશે. ઉત્તીર્ણ થવા માટેનું ધોરણ-૪૦ માર્ક્સ.

સર્ટિફિકેટ કૉર્સના સંપર્ક કક્ષાના દસ વર્ગ લેવાશે.

વર્ગ યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ જુલાઈ ૨૦૧૨-૨૦૧૩ના વર્ષથી કૉર્સ શરૂ થાય છે.

**સર્ટીફિકેટ -કૉર્સનો અભ્યાસક્રમ :**

**કૉર્સ ૧ જૈન ધર્મનો પરિચય**

યુનિટ-૧ પ્રાચીન ભારતના ત્રણ ધર્મો, યુનિટ-૨ જૈન ધર્મની પ્રાચીનતા, યુનિટ-૩ જૈન ધર્મની વિશિષ્ટતાઓ, યુનિટ-૪ જૈન તીર્થંકરો, યુનિટ-૫ જૈન આગમો, જૈન પારિભાષિક શબ્દો.

**કૉર્સ ૨ જૈન તત્ત્વજ્ઞાનનો પરિચય**

યુનિટ-૧ તત્ત્વમીમાંસા-નવ તત્ત્વ, યુનિટ-૨ જ્ઞાનના પ્રકાર-દર્શનના પ્રકાર, યુનિટ-૩ ષટ દ્રવ્ય, યુનિટ-૪ કર્મવાદ, યુનિટ-૫ અનેકાન્તવાદ, જૈન પારિભાષિક શબ્દો.

**કૉર્સ ૩ જૈન ધર્મ - આચારમીમાંસા**

યુનિટ-૧ આચાર ધર્મનો પરિચય, યુનિટ-૨ સાધ્વાચાર, યુનિટ-૩ શ્રાવકાચાર, યુનિટ-૪ ષડાવશ્યક, યુનિટ-૫ સંલેખના.

### હાર્દિક અભિનંદન

પાટણ કુંભારીયા પાડાના અંધેરી નિવાસી **શ્રી સંદિપભાઈ મહેન્દ્રભાઈ શાહની સુપુત્રી યુતી**એ બેસ્ટ સ્ટુડન્ટ ઑફ ધ યર તથા બેસ્ટ મેન્યુફેક્ચર્ડ પીસ ઑફ જ્વેલરી. એમ બે ઍવૉર્ડ ૨૦૧૨માં B.Sc. in Jewellery Design and Manufacturirng એસ.એન.ડી.ટી. કૉલેજમાંથી મેળવેલ છે. તે બદલ તેમનો પરિવાર તથા **સંસ્થા હાર્દિક અભિનંદન પાઠવે છે.**






**સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનું ગૌરવશાળી શતાબ્દી વર્ષ**

# જીવન સૌરભ સ્નેહમિલન નિધિ

***કર્મ સાથે મળે ભલે આંસુની સોગાદ કોઈવાર,***
***સિંચીએ સ્વાર્પણ-સમર્પણનો અનેરો ધબકાર,***
***સ્નેહના પારસમણિની છે ગરિમા અપરંપાર,***
***દિપક જ્યોત પ્રગટાવીએ, કરીએ દૂર અંધકાર!***

**શ્રી પાટણ જૈન મંડળ** તેની સૌજન્યશીલતા થકી નૈતિક ફરજને અનુસરી વિવિધ ક્ષેત્રોમાં નિર્માણ પામેલ સમાજ વિકાસની અનેકવિધ પ્રવૃત્તિઓને અમલમાં મૂકી અદ્‌ભુત અને અનેરા કાર્યો કરે છે. આજીવનને જીવંત બનાવવા મંડળમાં વિકાસની કેડીઓ સતત વિસ્તરી રહી છે.

સંસ્થાના જીવન સૌરભના નેજા હેઠળ આગવી આયોજન દૃષ્ટિના સામર્થ્ય સાથે સમાજના વડીલોનો સમય અને શાંતિ સમાજહિત કાજે વપરાય એ જીવનનો વણકહ્યો વ્યવહાર અને મનનિય લ્હાવો છે, એવી વિચારધારા અપનાવીએ તો અને તો જ સમર્પિત પ્રેમની સૌમ્ય સૃષ્ટિ અને દૃષ્ટિ આપોઆપ ઉદ્‌ભવી શકે. વયસ્ક વડીલો પ્રવૃત્તિમય રહે તેમના લાભાર્થે વિવિધ કાર્યો દ્વારા પટણી પ્રજાની અસ્મિતા અને સંસ્કારિતા, શીલ, સંયમ અને સૌમ્યતાની મહેક માત્ર પાટણ કે મુંબઈ જ નહિ દેશ-વિદેશમાં પણ સંવેદનપૂર્વક પ્રસરેલી છે. પરિણામે દાતાઓના અસ્ખલિત દાન-પ્રવાહથી આપણે અનેક યાત્રા-પ્રવાસો તથા સમૂહમિલનના નોખા અને અનોખા કાર્યક્રમો કરી શક્યા છીએ.

**આવા નાના-મોટા કાર્યક્રમો ચાલુ રહે અને વરિષ્ઠો કાયમી ધોરણે એકમેકને મળી જીવનનો આનંદ ઉઠાવી શકે એવા આશયે જીવન સૌરભ સ્નેહમિલન ફંડ ઉભું કરવું જરૂરી છે. આ યોજના અંતર્ગત રૂા. ૨ થી રૂા. ૫ કરોડનું કોરપસ ફંડ જો ઉભું થાય તો તેના વ્યાજમાંથી જરૂરી કાર્યક્રમ કરવાના પ્રયત્નો સહેલાઈથી કરી શકાય.**

ઉક્ત યોજના અંતર્ગત કોઈપણ સભ્ય રૂા. ૨ લાખનું દાન આપી તેમના પરિવારની એક વ્યક્તિ દાન આપ્યાના ત્રણ વર્ષ અંદર સંસ્થાની વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવી શકાશે. સંસ્થાની રીવોલ્વીંગ ફંડ, સમાજ વિકાસ ફંડ વિગેરે યોજનાઓની જેમ આ ફંડના દાતાઓના નામની પ્રસિદ્ધિ પ્રતિબિંબ દ્વારા કરવામાં આવશે. આવા દાનને ઈન્કમટેક્સ કાયદા ૮૦ જી હેઠળ કરમાફી મળી શકશે. કોઈપણ વયમર્યાદા વગર આ યોજના અંતર્ગત આપ આપનું દાન મોકલાવી શકો છો.

જીવન સંધ્યાએ ઉભેલ વ્યક્તિએ પોતાના અસ્તિત્વને શોધવા કરતાં વયને ઈશ્વરની દેન સમજીને જ જીવન વ્યતિત કરવું યોગ્ય ગણાય. અંતરના કોલાહલને ઓછા કરીને બહારનો સૂર સાંભળીએ તો જીવન હરિયાળું અને રળિયામણું બની શકે. આપણે જાણીએ છીએ કે બાહ્ય પ્રક્રિયા એ આંતરિક પ્રક્રિયાની દ્યોતક છે.જીવન સૌરભની આ સ્નેહમિલન યોજના અંતર્ગત માત્ર યાત્રા-પ્રવાસ કરવા એ જ પૂરતું નથી. તેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, સંગીત કાર્યક્રમો, સેમિનાર, આધ્યાત્મિક અને યોગ વિષયક પ્રવૃત્તિ, જુના ગુજરાતી કે હિન્દી ચલચિત્રો કે એક દિવસીય આનંદ પર્યટનનો સમાવેશ પણ કરી શકાય. આ ઉપરાંત વિવિધ પરાના પરિસરોમાં પણ આવું આયોજન શક્ય બને. કાર્યક્રમને અનુલક્ષીને ૬૦ કે ૬૫ વર્ષ ઉપરની વયમર્યાદા નક્કી કરી શકાય.

ઉંમર વધતા વ્યક્તિ ક્યારેક અશક્ત અને વધુ પડતી લાગણીશીલ બને છે. એટલે નવું જોવા કે જાણવાની જીજીવિષા કે દર્શન હકીકતો ઝીલવાની કે ઝાલવાની વૃત્તિ કે વર્તમાનને માણવાની બાહ્ય સ્મૃતિ અને દર્શનનો સંઘર્ષ યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થાને માણવાનો સંઘર્ષ છે પરંતુ આવા સમયે ધ્યાન અને સાધના જ વ્યક્તિને વિશેષ કામ આવે છે.

આત્મનિરીક્ષણથી મેળવેલ વિવેકનું વરદાન જ અજેયપણાનું ગાન અને જ્ઞાન છે. સમાજની ઉદારતા, સમોવડીયાઓનો વિવેક અને વડીલોને એકમેકની હુંફ દુઃખીને સુખી બનાવવા સક્ષમ બને છે.

**જીવન સૌરભના કાર્યક્રમોમાં યાત્રાઓમાં ભાગ લેવા આવનાર વ્યક્તિ સાધારણ હોય તે જરૂરી નથી. તેથી આપણાંમાંના ઘણાનું માનવું છે કે, આવનાર દરેક વ્યક્તિ પાસે ફુલ નહિ તો ફુલની પાંખડી પણ આપણે લેવી જોઈએ.** આ બાબત પરથી એવા એક નિષ્કર્ષ અને નિર્ણય પર આવ્યા છીએ કે એ રીતે પૈસા ઉઘરાવવા કરતાં સ્વેચ્છાએ સભ્યો ઉક્ત નિધિમાં રકમ નોંધાવે તો રૂપિયા બેથી પાંચ કરોડનું કોરપસ જરૂર ઉભું કરી શકાય. જરૂરિયાત મુજબના કાર્યક્રમો કે યોજનાઓ તો જ વિનાવિલંબે કાયમી હાથ ધરી શકાય. પ્રેમ એ જિંદગીનું સાચું અક્ષયપાત્ર છે. બાલ્યાવસ્થાની લીલાશ પછી પ્રૌઢાવસ્થાનો પાકો રંગ ન આવે તો આપણી હૃદય કયારીમાં જીવન સાફલ્યનો મોલ ઉભરાશે નહિ. ભૌતિક સંપત્તિની પાછળ પડીએ તો ધર્મ, સુખ અને શાંતિ બધું જ ખોઈ બેસીએ. અધિકાર અને લાયકાત પ્રાપ્ત થાય જે પ્રેમ, ધીરજ અને ભક્તિથી જ સિદ્ધ થશે. જીવનમાં સફળતાની ટોચ હિમાલયના શિખરો કરતા ઉંચી છે અને માટે જ નદીમાં વહેણની સામે તરવું વ્યર્થ છે. આપણે જ આપણી દિશા અને ક્ષિતિજ નિશ્ચિત કરવા આવી નિધિ કે ફંડ ઉભું કરીએ તો તે યોગ્ય દિશાનું પ્રથમ ચરણ ગણાશે.

અમારી આપ સૌ મહાનુભાવોને નમ્ર વિનંતી છે કે, આ ફંડમાં આપ અમૂલ્ય ફાળો નોંધાવી **જીવન સૌરભ પ્રવૃત્તિ**ને કાયમી સ્વરૂપ આપવા યથાયોગ્ય યોગદાન આપશો.

**□ શ્રી પાટણ જૈન મંડળ**

## પાટણનું ગૌરવ

**મુંબઈ મરીન ડ્રાઈવ ખાતે રહેતા ખેતરવસી, પાટણના પનોતા પુત્ર અમર આનંદ લલિતભાઈ શાહે** ઈંગ્લેન્ડની **માન્ચેસ્ટર યુનાઈટેડ સોકર સ્કૂલ્સ મુંબઈ સ્કિલ્સ સ્પર્ધા**ની ફાઈનલ જીતી લીધી હતી. આ સાથે અમરને માન્ચેસ્ટર યુનાઈટેડની આ ફૂટબૉલ સ્કૂલની ૨૦ ઑક્ટોબરે યોજાનારી વર્લ્ડ સ્કિલ્સ ફાઈનલ્સ માટે ઈંગ્લેન્ડ મોકલવામાં આવશે.

ચિ. અમર મુંબઈની **ન્યુ એરા સ્કૂલમાં** દસમા ધોરણમાં અભ્યાસ કરે છે. તેણે ગઈ કાલે મુંબઈના કૂપરેજ ગ્રાઉન્ડમાં શૉટ પાસિંગ, ડ્રિબ્લિંગ અને કન્ટ્રોલિંગ જેવી સ્કિલ્સને લગતી પરીક્ષામાં કુલ ૯૬ આશાસ્પદ ફૂટબૉલરોમાં મોખરાનું સ્થાન મેળવ્યું હતું. મંડળના માજી ટ્રસ્ટી અને સક્રિય કાર્યકર સ્વ. શ્રી જયંતિલાલ ફતેહચંદ શાહના પ્રપૌત્ર ચિ. અમરે પાટણ સમાજ અને સંસ્થાને ગર્વ અને ગૌરવ અપાવેલ છે. સંસ્થા તેની પ્રગતિ માટે શુભેચ્છા પાઠવતાં અત્યંત આનંદ અનુભવે છે.

Shree Patan Jain Mandal Seminars and Information Committee is organizing a seminar

# `WINNING URJA'

## A step by step Tool for TOP Achievers

This seminar is for you and covers Important Topics like

1 Believing in Yourself & The fact that you are born to Win
2. Free Yourself from your Past, Mars Your Present & Future
3. Shine Light, On What is Right !
4. Breaking Habits That Hold You Back.

This Seminar will be conducted by a very young and dynamic Professional Motivational Trainer **Shri Sachin More**

Our community members have a very large geographical spread. For the first time we intend to conduct this seminar at **three** different venues for the benefit of our community members. Major part of this seminar will be conducted in **Hindi** language. This seminar is highly recommended for our members between 18 and 65 years of age.

As the seats are limited at each location we request you to register your name immediately.

To register please contact any one of the following:

| | | |
|---|---|---|
| Shri Shetalbhai K.iritbhai Shah | 9819830094 | s4sks@in.com |
| Shri Deepakbhai K. Shah | 9819652165 | deepak@parascomputers.com |
| Shri Bhaveshbhai S. Shah | 9322289278 | varsha.exports@yahoo.co.in |

You can also mark a copy of your email to:sispjm@ymail.com.

**`You must attend with family and friends to make**

**WINNING A HABIT IN LIFE, COME WHAT MAY !'**

**-Seminars and Information Committee**

## 'દિશા' સમાચાર

બીજી ઑક્ટોબર-ગાંધી જયંતિ ! ગાંધીજીને બાળકો બહુ પ્યારા અને બાળકોને વધારે ગમે ટી. વી. અને પિક્ચર તો થયું ચાલો આજે બાળકો માટે થઈ જાય 'બરફી'. બાળકો માટેની 'બરફી'. એ બાળકો કરતાં વધારે તેના વડીલોને સમજણ આપી ! બાળકો ખાસ હોય છતાં ઘણું બધું કરી શકે છે અને આ સમજણ જ બાળકને આગળ આવવામાં મદદ કરે છે.

૧૧ મી ઑક્ટોબરે શ્રીમતી મંજુબેન મંગલપ્રભાત લોઢાના સૌજન્યથી મેફર ગાર્ડન, વરલીમાં મૈત્રી ગ્રુપ અંતર્ગત 'દિશા'ના બાળકોએ પ્રદર્શન તથા વેચાણના સ્ટોલમાં સારૂં વેચાણ થયું.

તા. ૧૩-૧૦-૧૨ JIWO દ્વારા યોજાયેલ પ્રદર્શન અને વેચાણમાં **શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ શાહ**ના સૌજન્યથી દિશાનો સ્ટોલ સફળ રહ્યો હતો !

ડૉ. પ્રીતી શાહની મહેનતમાં સમાજના આપણાં બાળકો પ્રત્યેની લાગણી સ્પષ્ટ જણાતી હતી ! બાળકો તથા પેરેન્ટસે ઉત્સાહભેર ભેગા મળીને આ દિવસને યાદગાર બનાવી દીધો. ખુબ ખુબ આભાર...

**☐ વિકલાંગ ઉત્કર્ષ સમિતિ**


**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ ● ફોન :(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય:મે. પ્રવીણચંદ્ર ઍન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન:૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

| | આધાર સ્તંભ | જીવદયા | લાપસી નિધિ | એકદિવસ ઘાસચારો | શેર | કાયમી નિભાવ ફંડ | કુલ રૂ. |
|---|---|---|---|---|---|---|---|
| શ્રી મહેશભાઈ પોપટલાલશાહ, ખેતરવસી | ૨૧૦૦૦ | — | — | — | — | — | ૨૧૦૦૦ |
| શ્રી વિલેપાર્લે શ્વે. મૂ. પૂ. જૈન સંઘ | — | ૧૩૦૦૦ | — | — | — | — | ૧૩૦૦૦ |
| શ્રી કલાવતીબેન સેવંતીલાલ શાહ, ખેતરવસી | — | — | ૩૧૦૦૦ | — | — | — | ૩૧૦૦૦ |
| શ્રી વાડીલાલ સારાભાઈ દેરાસર ટ્રસ્ટ, પ્રાર્થના સમાજ | — | ૧૧૦૦૦ | — | — | — | — | ૧૧૦૦૦ |
| શ્રી શ્વેતાંબર મૂ. પૂ. જૈન સંઘ, અંધેરી ઈસ્ટ | — | — | ૩૧૦૦૦ | ૧૫૦૦૦ | — | — | ૪૬૦૦૦ |
| શ્રી ગોવાલિયા ટેન્ક જૈન સંઘ, | — | ૧૦૭૦૧ | — | — | — | — | ૧૦૭૦૧ |
| શ્રી ચેતનભાઈ મહેન્દ્રભાઈ ખાંડવાલા, શિકાગા | — | — | — | — | ૧૦૦૦૦૦ | — | ૧૦૦૦૦૦ |
| શ્રી વિનોદભાઈ હીરાલાલ શાહ, કનાસાનો પાડો | — | ૧૧૧૧૧ | — | — | — | — | ૧૧૧૧૧ |
| શ્રી વિલેપાર્લે શ્વે. મૂ. પૂ. જૈન સંઘ | — | ૧૫૦૦૦ | — | — | — | — | ૧૫૦૦૦ |
| શ્રી દિનેશભાઈ પોપટલાલ શાહ, કનાસાનો પાડો | — | ૧૦૦૦૦ | — | — | — | — | ૧૦૦૦૦ |
| શ્રી પ્રમોદભાઈ ભોગીલાલ સાહેબા | — | ૫૦૦૦ | ૩૧૦૦૦ | — | — | — | ૩૬૦૦૦ |
| શ્રી નૈસાબેન કેયૂરભાઈ શાહ | — | ૧૧૦૦૦ | — | — | — | — | ૧૧૦૦૦ |
| મે. એમ. ટી માદન એક્સપૉર્ટ | — | ૩૧૦૦૦ | — | — | — | — | ૩૧૦૦૦ |
| શ્રી વર્મા નગર જૈન સંઘ, અંધેરી પૂર્વ | ૨૧૦૦૦ | ૫૦૦૦ | — | — | — | ૫૧૦૦૦ | ૭૭૦૦૦ |
| શ્રી અશોકભાઈ કેશવલાલ સોનાવાલા, ચોધરીની શેરી | — | ૧૮૦૦૦ | — | — | — | — | ૧૮૦૦૦ |
| શ્રી હરેશભાઈ નેમચંદભાઈ શાહ, વાસુપૂજ્યની શેરી | ૨૧૦૦૦ | — | — | — | — | — | ૨૧૦૦૦ |
| શ્રી સંગીતાબેન હરેશભાઈ શાહ, વાસુપૂજ્યની શેરી | ૨૧૦૦૦ | — | — | — | — | — | ૨૧૦૦૦ |
| શ્રી ચોધરીની શેરીના ભાઈઓ | — | ૧૦૦૦૦ | — | — | — | — | ૧૦૦૦૦ |
| શ્રીમતી વિમળાબેન પ્રેમચંદભાઈ શાહ | — | ૧૧૦૦૦ | — | — | — | — | ૧૧૦૦૦ |
| હિરલ–મહેક–અમીતા–શીતલબેન | — | ૨૦૦૦૦ | — | — | — | — | ૨૦૦૦૦ |
| શ્રીમતી સુરેખાબેન મહેશભાઈ શાહ, ખેતરવસી | — | ૧૦૦૦૦ | — | — | — | — | ૧૦૦૦૦ |

સૌજન્ય : શ્રી નવીનચંદ્ર સી. મણિયાર, મુંબઈ

ADVT

## SHREE PATAN JAIN MANDAL

77, PATAN JAIN MANDAL MARG, MARINE DRIVE, MUMBAI400 020.

## AWARD DISTRIBUTION FUNCTION : YEAR 2011-12

### Sunday, 7th October,2012

**From the PRESIDENT SHRI DINESH RASIKLAL SHAH'S Desk...**

**HON. GUEST SHRI RAJESHBHAI JAIN** ( IIT DelhiDr. Grovel Solutions)

`TO AIM, TO ACHIEVE, TO SUCCEED' Iis the new mantra for the Education Committee of Shree Patan Jain Mandal, To transform our entire community into a well-educated and literature samaj, we motivate all our meritorious students by felicitating them for their successful achievements in various fields of education.We also honour ou literary writers for our monthly newsletter `Patan Pratibimb' by awarding best three articles from the annual 12 issues of Pratibimb.

**MERIT PRIZE to the students from SHREE PATAN JAIN MANDAL and DONORS OF CORPUS FUND**.

1. DEGREE & DIPLOMA COURSES - SCEINCE, COMMERCE, ARTS AND EQUIVALENT COUSES
2. PROFESSIONAL COUSES.

**PATAN PRATIBIMB - 2012** (33rd Year)

**SHRI NEMCHAND JESHANGLAL SHAH (GUNDERWALA) SAHITYA PRIZE**

**(Judge : Shri Hitenbhai Anandpara)**

| | | | |
|---|---|---|---|
| First | : Shri Pratapbhai Surajmal Shah | Malad | **Koka no Pado** |
| | **'શું તમને સુખ, શાંતિ અને સફળતાની ઝંખના છે ?'** | | February-2012 |
| Second | : Shri Vardhman Magindas Shah | Dadar | **Keshusheth no Pado** |
| | **'દેવની દીધેલ દીકરી–Most Welcome'** | | December-2011 |
| Third | : Miss Nillavi Jitenbhai Shah | Andheri | **Kanasa no Pado** |
| | **`Child Labour : A Boon or Bane ?'** | | October - 2011 |

**SHRI KESHAVLAL KILACHAND CHARITABLE TRUST POST GRADUATE MERIT SCHOLARSHIP (Rs. 10,000/-)**

(1) **Mihir Harish Vijaybhai Shah** — Worli — Sangavi no Pado

Last Exam : B. E. Electronics and Telecommunication 68.29%

Current Study : M. S. in Quantitative and Computational Finance, Georgia Institute of Technology, Atlanta-U.S.A.

(2) **Rahul Nares Jayantilal Shah** — Goregaon — Dhandher Vado

Last Exam : M.B.B.S. 63.11%

Current Study : M.D. (Pathology) B. J. Medical, Pune.

| | | | | | |
|---|---|---|---|---|---|
